# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક – ૮૫ : જુલાઈ – સપ્ટેમ્બર ૨૦૨૩


## તંત્રીસ્થાનેથી . . .


**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા વિવિધ કાર્યક્રમો થકી સંસ્થા કિડનીના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી રહી છે. કિડની જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પ એ સંસ્થા દ્વારા ચાલતી નિરંતર પ્રવૃત્તિઓ છે અને તે અમારા સેવાભાવી ઓફિસરો દ્વારા સમગ્ર રાજ્યમાં અવિરત રીતે ચાલી રહી છે. જેમાં કિડની અને તેના રોગો વિષે સાચી અને વૈજ્ઞાનિક માહિતી તો આપવામાં આવે જ છે પણ કિડની જેવા મહત્વના અંગને નુકસાન કરતાં હાઈબ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા રોગનું નિદાન પણ સ્થળ ઉપર જ કરીને જે તે દર્દીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.

આપ સૌને જાણીને આનંદ થશે કે અત્યાર સુધી અમે આ કાર્યક્રમો થકી લાખો લોકોને હાઈબ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસરથી તેમજ તેની નિયમિત સારવાર લેવા માટે જાગૃત કર્યા છે.

સંસ્થાના અમદાવાદ ચેપ્ટર દ્વારા તારીખ ૨૧ થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩, દરમિયાન 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવી. જેના અંતર્ગત બે મુખ્ય જાગૃતિ સેમિનારનું આયોજન અનુક્રમે ગુજરાત પોલીસ ટ્રેનિંગ સેન્ટર, શાહીબાગ અને સ્કૂલ ઓફ સાયન્સીસ, ગુજરાત યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું. આ ઉપરાંત ૨૧ થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન વિવિધ સ્થળો પર વિનામૂલ્યે ડાયાબિટીસ અને બ્લડપ્રેશર તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉલ્લેખ આ અંકમાં આગળ કરવામાં આવ્યો છે. સંસ્થાના દરેક ચેપ્ટરના અમારા સક્રિય ઓફિસરો દ્વારા આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન કુલ ૧૪૪ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૬૧ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૩ ઓગસ્ટનો દિવસ એ ભારત દેશમાં 'અંગદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેનો હેતુ મગજના મૃત્યુ બાદ (કેડેવરિક અંગદાન) થતાં અંગદાન વિષે સમાજમાં જાગૃતિ લાવવાનો છે. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વર્ષ ૨૦૦૬ થી 'જીવનદાન' કાર્યક્રમ અંતર્ગત આ વિષય ઉપર સમાજમાં જાગૃતતા લાવવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. જેના ભાગરૂપે સંસ્થાના દરેક ચેપ્ટરમાં અંગદાન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેની વિગતવાર માહિતી આ અંકમાં આપવામાં આવી છે.

આપ સૌ જાણો છો કે ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે સંસ્થા દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટર એ સંસ્થાનું મહત્વનું સીમાબિંદુ છે અને હવે આ સેન્ટરમાં દાતાશ્રીઓની કૃપાથી ડાયાલિસીસ મશીનોની સંખ્યા ૯ અને સપ્ટેમ્બર ૨૦૨૩ મહિનામાં આ સેન્ટરમાં થયેલ કુલ હિમોડાયાલિસીસની સંખ્યા ૪૨૫ થઈ ગઈ છે. જે અત્યાર સુધીમાં સૌથી વધુ છે અને હજુ પણ અમે આજુબાજુના વિસ્તારના જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને ગુણવત્તાસભર હિમોડાયાલિસીસની સારવાર આપવા માટે કટિબદ્ધ છીએ.

કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક સહાય કરવાના હેતુથી ચલાવવામાં આવતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ થકી સારવાર અને દવાઓ માટે આ સમયગાળા દરમિયાન ૫૮ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને કુલ રૂ. ૨,૧૪,૯૮૪ ની સહાય કરવામાં આવી હતી.

આ સમયમાં સંસ્થાની પ્રવૃતિઓને વેગ આપવા માટે સંસ્થાની મહેસાણા ખાતેની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યશ્રી ચંદુભાઈ આઈ. પટેલ દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦/– અને સુરત ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના ચેરમેન શ્રી શરદભાઈ કાપડિયાના પ્રયત્નોથી સુરત સિટીઝન્સ કાઉન્સિલ ટ્રસ્ટ દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦/– નું દાન પ્રાપ્ત થયું છે.

આપ સૌને દીપાવલી અને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ,

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

# જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:



બી.એસ.એન.એલ હેડ ઓફિસ, અમદાવાદ



ભારતીય રેલ તાલીમ કેન્દ્ર , અમદાવાદ



જિલ્લા શિક્ષણ અને તાલીમ કેન્દ્ર, વડોદરા



એન. સી. સી., ભાવનગર



મહેશ્વરી સોસાયટી, રાજકોટ



શ્રી સાર્વજનિક એમ. એસ. ડબલ્યુ કોલેજ, મહેસાણા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડયા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ઓડીટોરિયમ, અમદાવાદ




સંતરામ મંદિર, વડોદરા



પલસાણા ગામ, જી.– ગાંધીનગર




શારદાનગર સોસાયટી, જી.–રાજકોટ




તાલુકા પંચાયત, ગામ–જોટાણા. જી.–મેહસાણા




અક્ષયપાત્ર ફાઉન્ડેશન, ભાવનગર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી અશેશભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# અંગદાન દિવસ

દર વર્ષે ૧૩ ઓગસ્ટનો દિવસ ભારત દેશમાં 'અંગદાન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે જેનો હેતુ સમાજમાં કેડેવરિક અંગદાનનું (મગજના મૃત્યુબાદ થતું અંગદાન) પ્રમાણ વધે તે માટે જાગૃતિ લાવવાનો છે. જેના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા તેના દરેક ચેપ્ટરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા 'અંગદાન દિવસ ૨૦૨૩' ની ઉજવણીના ભાગરૂપે તારીખ ૧૨ ઓગસ્ટના રોજ જે.જી ઈન્ટરનેશનલ કોલેજ ઓફ નર્સિંગ, ખાતે બી.એસ.સી નર્સિંગનો અભ્યાસ કરતાં ત્રીજા અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણ માટે અંગદાન જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રખ્યાત નેફ્રોલોજિસ્ટ ડો. રાજ મંદોતને આમંત્રિત કરવામાં આવ્યા હતા.



શ્રોતાઓને અંગદાન વિષે સમજૂતી આપતા ડો. રાજ મંદોત



શ્રોતાગણ

અન્ય એક અંગદાન જાગૃતિ સેમિનાર સહજાનંદ નર્સિંગ કોલેજ, ઝુંડાલ, ગાંધીનગર ખાતે બી.એસ.સી નર્સિંગનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પણ મુખ્ય વક્તા તરીકે નેફ્રોલોજીસ્ટ ડો. રાજ મંદોત ઉપસ્થિત રહયા હતા.



ડો. રાજ મંદોત અને કોલેજના પ્રિન્સિપાલ ડો. કરિશ્મા પટેલ



સહજાનંદ નર્સિંગ કોલેજ, ગાંધીનગર

આ બંને કાર્યક્રમમાં ડો. રાજ મંદોતે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અંગદાનની જરૂરિયાત, તેનું મહત્વ, માનવ અંગ પ્રત્યારોપણ કાયદો, ભારત દેશમાં કેડેવરિક અંગદાનની સ્થિતિના આંકડા અને અંગદાન માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી અને અંગદાન અંગેના તેમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

## ભાવનગર

વિશ્વ અંગદાન દિવસ નિમિત્તે ભાવનગર ચેપ્ટર દ્વારા તારીખ ૧૮ ઓગસ્ટના રોજ લોહાણા મહાજન વાડી ખાતે ડો. હાર્દિક ક્યાડા (MD) દ્વારા અંગદાન જાગૃતિ અંગે સમજ આપવામાં આવી હતી.



શ્રોતાઓને માહિતગાર કરતાં ડો. હાર્દિક ક્યાડા

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અંગદાન જાગૃતિ અભિયાન અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા અને પૂર્વ શિક્ષણ મંત્રી અને ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહયા હતા જેમાં તેઓએ સંસ્થા દ્વારા કેડેવરિક અંગદાન અને કિડનીના રોગ વિષે જાગૃતિ લાવવા માટે જે અભિયાન ચાલી રહ્યું છે તેની પ્રસંશા કરી હતી. આ પ્રસંગે ભાવનગર ચેપ્ટરના સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી સુમિતભાઈ ઠક્કરે ખાસ હાજરી આપી હતી.



અંગદાન જાગૃતિ અભિયાનનું સમર્થન કરતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા અને ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી

આ ઉપરાંત રેડક્રોસ સોસાયટીના સહયોગથી તેજસ્વી સ્કૂલ, ભાવનગર ખાતે ચિત્રસ્પર્ધા અને અંગદાન જાગૃતિ રેલીનું આયોજન કરીને આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ રેલી મારફતે લોકોમાં અંગદાન જાગૃતિ સંદેશ પાઠવવામા આવ્યો અને અંગદાન વિષે જાગૃતિ લાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.



અંગદાન જાગૃતિ રેલી


ચિત્ર સ્પર્ધા

## વડોદરા

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને પોસ્ટલ ટ્રેનિંગ સેન્ટર (PTC) ના સંયુક્ત ઉપક્રમે પ્રિવેન્શન ઓફ કિડની ડિસીઝ અને કેડેવર ઓર્ગન ડોનેશન અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય ડાક વિભાગના વિવિધ રાજ્યોના કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે તાલીમ કેન્દ્રના નાયબ નિયામક શ્રી આર. એસ. રઘુવંશી, જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. કમલેશ પરીખ અને ડો. દિપ્તીબેન પરીખ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ડો. કમલેશ પરીખે કિડની અને શરીરમાં તેનું મહત્વ અને તેને નિષ્ફળ થવાના પરિણામોથી બચવાના ઉપાયો ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યા હતા તેમજ ડો. દીપ્તિ પરીખે કેડેવર ઓર્ગન ડોનેશન વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને દરેક કર્મચારીઓને અંગદાન કરવા માટે સંકલ્પ કરાવ્યો હતો.


અંગદાન વિષે શ્રોતાઓને જાગૃત કરતાં ડો. કમલેશ પરીખ અને ડો. દીપ્તિ પરીખ



અંગદાન જાગૃતિ હોર્ડિંગ્સ

વડોદરા શહેરના વ્યસ્ત ચાર રસ્તાઓ પર કેડેવર અંગદાન વિષેની માહિતી આપતા હોર્ડિંગ્સ રાખીને શહેરીજનોને કેડેવરીક અંગદાન વિષે સભાન અને જાગૃત કરવાનો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## સુરત

સંસ્થાના સુરત ચેપ્ટર દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ઓફ સોશિયલ વર્ક (એમ.એસ.ડબલ્યુ) અને સમાજશાસ્ત્ર વિભાગના સહયોગથી પ્રિવેન્શન ઓફ કિડની ડિસીઝ એન્ડ કેડેવરિક અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ.એસ.ડબલ્યુ અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રીઓ, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ એન. ચાવડા અને મુખ્ય વક્તા તરીકે શહેરના જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. દીપક તમાકુવાલા ઉપસ્થિત રહ્યા હતા. ડો. તમાકુવાલાએ ખૂબ જ સરળ ભાષામાં કિડની અને કેડેવર અંગદાન વિશે વિગતવાર માહિતી આપી હતી.




સંસ્થાની પ્રવૃતિઓ વિષે શ્રોતાઓને માહિતગાર કરતા સંસ્થાના ઓફિસર સાધના તિવારી




કિડની તેમજ કેડેવર અંગદાન વિષે માહિતી આપતા ડો.દીપક તમાકુવાલા

## રાજકોટ

તારીખ ૧૦ ઓગસ્ટના દિવસે પંડિત દીન દયાલ ઉપાધ્યાય મેડિકલ કોલેજ ખાતે અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો. ડેનિશ સાવલિયા (નેફ્રોલોજીસ્ટ) ને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ ભવિષ્યના તબીબોને કેડેવરિક અંગદાન વિષે વિસ્તૃત માહિતી આપીને એક તબીબ તરીકે કેડેવરિક અંગદાનની પ્રક્રિયામાં પોતાની શું ભૂમિકા રહેશે તે બાબતે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાની સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી મિત્તલ ખેતાણી અને ડો. ઉમેદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.




કેડેવરિક અંગદાનની માહિતી આપતા ડો. ડેનિશ સાવલિયા



અંગદાન વિષેની માહિતી મેળવતા મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ

રાજકોટ ખાતે અન્ય એક અંગદાન જાગૃતિ કાર્યક્રમ સમરસ ગર્લ્સ હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ માટે આયોજીત કરવામાં આવ્યો હતો. જાણીતા નેફ્રોલોજીસ્ટ ડો. મયુર મકાસણા દ્વારા કિડનીના રોગો અને અંગદાન વિશે સરળ ભાષામાં સમજૂતી આપીને દરેક વિદ્યાર્થિનીઓને અંગદાન કરવાનો સંકલ્પ કરાવ્યો હતો.



વિદ્યાર્થિનીઓને અંગદાનની માહિતી આપતા ડો. મયુર મકાસણા



કેડેવરિક અંગદાનની સમજ મેળવતી વિદ્યાર્થિનીઓ

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને પંડિત દીન દયાલ ઉપાધ્યાય મેડિકલ કોલેજ, રાજકોટના વિદ્યાર્થીઓના સંયુક્ત ઉપક્રમે અંગદાન દિવસ નિમિત્તે રાજકોટ શહેરના વ્યસ્ત રહેતા રેસકોર્સ સર્કલ ખાતે અંગદાન જાગૃતિ નાટક, પોસ્ટર કોમ્પિટિશનનું આયોજન કરીને કેડેવરિક અંગદાનની સમજ મેળવની જાહેર જનતા પાસે અંગદાન સંકલ્પ પત્ર ભરાવવામાં આવ્યા હતા. ડો. દર્શિતાબેન શાહ (ધારાસભ્ય રાજકોટ) આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિશેષ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. 94.3 MY FM, રાજકોટના RJ પણ આ અભિયાનનો હિસ્સો બન્યા હતા અને અંગદાન અંગે જાગૃતિ લાવવામાં સાર્થક થયા હતા.



પી. ડી. યુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના સહયોગથી ચલાવવામાં આવેલ અંગદાન જાગૃતિ અભિયાન



સંસ્થા દ્વારા આયોજિત અંગદાન જાગૃતિ અભિયાનને પ્રોત્સાહિત કરતાં રાજકોટ શહેરના ધારાસભ્ય શ્રીમતી દર્શિતાબેન શાહ




અંગદાનનો સંકલ્પ કરતાં 94.3 My FM ના RJ

શ્રીજી ગૌશાળાને આંગણે વન ભોજન કાર્યક્રમ દરમિયાન ભાગ લેનાર લોકોને અંગદાન વિષેની જાણકારી આપીને અંગદાન કરવા માટે સંકલ્પ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજકોટ ખાતેની સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્યો શ્રી મિતલ ખેતાણી અને શ્રી રમેશભાઈ ઠક્કર ઊપસ્થિત રહ્યા હતા.




કાર્યક્રમમાં અંગદાનનો સંકલ્પ કરતાં રાજકોટ શહેરના નાગરિકો

## મહેસાણા

અંગદાન દિવસને ધ્યાનમાં રાખીને સિનિયર સિટીઝન્સ ક્લબના સભ્યો માટે અંગદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાજર સભ્યોને કેડેવર અંગદાન વિશેની વિસ્તૃત સમજ આપવામાં આવી અને દરેક સભ્યોને અંગદાન કરવા માટેના સંકલ્પપત્ર ભરાવવામાં આવ્યા હતા.



સિનિયર સિટીઝન ક્લબ, પાટણ



ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન તથા રાજકોટ મધ્યસ્થ જેલના સહયોગથી કિડનીની સમસ્યાઓ અંગે નિઃશુલ્ક કાર્યક્રમ યોજાયો

સમય મિરર | રાજકોટ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન તથા મધ્યસ્થ જેલ રાજકોટના સહયોગથી કિડનીની સમસ્યાઓ 'કિડની જાગૃતિ' અંગે નિઃશુલ્ક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કીડનીના દર્દીઓને ડાયાલીસીસમાં પડતી મુશ્કેલી, કિડની ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને પડતી મુશ્કેલી તથા કીડનીના અન્ય રોગોથી પીડાતા દર્દીઓને નામાંકિત તબીબ ડો.પ્રતિક અમલાણી દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન અપાયું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગોલ્ડ મેડાલીસ્ટ ડો. પ્રતિક અમલાણી (યુરોલોજીસ્ટ), શીવમ વર્મા (અધિક્ષક, રાજકોટ મધ્યસ્થ જેલ), બી.બી. પરમાર (ઈન્ચાર્જ નાયબ અધિક્ષક, રાજકોટ મધ્યસ્થ જેલ), મિતલ ખેતાણી, વિનેશભાઈ પારધી (જેલર), જયંતીભાઈ પટેલ, કિરણસિંહ સીસોદીયા, મનીષભાઈ આર. રાઠોડ, સેંગારભાઈ પ્રજાપતિ, અશ્વિન ગોહેલ ઉપસ્થિત રહી પોતાનું માર્ગદર્શન આપ્યું હતું જેનો ૧૪૦ થી વધુ જેલના કેદીઓએ લાભ લીધો હતો.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, ભુજ, વિસનગર, શિહોર, નવસારી, ઘોઘા, ઉંઝા સહિતના શહેરોમાં કામ કરતી સ્વૈચ્છિક સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખ (ચેરમેનશ્રી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન)ના માર્ગદર્શન હેઠળ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાનો પ્રમુખ ધ્યેય સમાજમાં લોકોને કિડની વિશે જાગૃતિ લાવવાનો, કિડનીની નિષ્ફળતાના દર્દીઓની સેવા કરવી, કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી, દર્દીઓનું પુર્નઃવસન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં પ્રયત્નશીલ રહેવાનું છે. આ ઉપરાંત આ સંસ્થા દ્વારા સ્વાસ્થયના ક્ષેત્રમાં જુદા જુદા કાર્યો કરી રહી છે. જેમા ગરીબ દર્દીઓને મદદ કરવાથી માંડીને હોસ્પીટલમાં દર્દીઓનું ડાયાલીસીસ કરતાં ટેકનીશ્યનો માટે પણ શિબીરો દ્વારા દર્દીઓને ડાયાલીસીસ સમયે દર્દીઓને કઈ તકલીફોનો સામનો કરવો પડતો હોય છે વગેરે બાબતો અંગેના સેમીનારો યોજવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા જીવનદાન કાર્યક્રમ અંતર્ગત જરૂરીયાત મંદ કિડનીના દર્દીઓને સારવાર માટે આર્થિક મદદ કરવાનું ઉમદા કામ કરી રહી છે જેના ભાગરૂપે સંસ્થા દ્વારા ઓગષ્ટ-૨૦૧૮ થી ડાયાલીસીસ સેન્ટર સંચાલીત છે. જેમાં જર્મન કંપનીના હિમોડાયાલીસીસ મશીન છે. જેમાં ૩૫ જેટલા દર્દીઓ સારવાર લેવા માટે આવી રહયાં છે અને મહીનાના ૩૦૦ થી ૪૦૦ ડાયાલીસીસ થાય છે. આ ડાયાલીસીસ સેન્ટર શ્રી કિષ્ના સાર્વજનીક હોસ્પીટલ હિંમતનગર ખાતે સંચાલીત છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં એડવાઈઝર મિતલ ખેતાણી તથા પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલે જહેમત ઉઠાવી હતી. 'કિડની જાગૃતિ' અંગેની વિશેષ માહિતી માટે અશ્વીન ગોહેલ મો.૭૯૮૪૮ ૨૯૬૨૯ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.



{ સિટી મિરર }

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા મેડિકલ કોલેજમાં અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

- કાર્યક્રમમાં અનેક મહાનુભાવોએ આપ્યું માર્ગદર્શન

ગુજરાત મિરર, રાજકોટ,તા.૧૦

અંગદાન જાગૃતિ અભિયાન અન્વયે મેડીકલ કોલજના વિદ્યાર્થીઓને અંગદાન અંગેની જાગૃતિ લાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અંગદાન જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો. અંગદાન જાગૃતિથ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ડો. ડેનીસ સાવલીયા, ડો. મુકેશ સામાણી (ડીન પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ), ડો.રાધેશ્યામ ત્રિવેદી (સુપ્રિન્ટેન્ડન્ટ, પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ), મિતલ ખેતાણી (પ્રમુખ એનીમલ હેલ્પલાઈન), ડો. ઉમેદ પટેલ દ્વારા અંગદાન અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આધુનિક તબીબી વિજ્ઞાને માનવજાત માટે કરેલી આ અદભૂત અનુકૂળતા છે. સામે આવીને ઉભેલા મૃત્યુને મ્હાત કરવાનો આ કિમીયો છે. એ માટે સૌથી આવશ્યક છે મગજમૃત (બ્રેઈન ડેડ) વ્યકિતનાં અંગોનું દાન. કિડની, લીવર, હૃદય, પેન્ક્રીયાસ, ફેફસાં એ બધાં અંગો માનવીને કુદરતે આપેલી અદભૂત ભેટ છે. સૅંકડો વ્યક્તિઓનાં અંગો આખરે અંતિમ ક્રિયા થતાં નાશ પામે છે. જે ખરેખર ઘણા લોકોને જીંદગી આપી શકે તેમ હોય છે. આ સમજ સમગ્ર સમાજમાં જેટલી વધુ ફેલાવી શકાય, તેટલાં વધુ અંગદાન થાય તો વધુ ને વધુ લોકોની જીંદગી બચી શકે, નવપલ્લીત થઈ શકે. દેશમાં ધાર્મિક સંસ્થાઓ, ટ્રસ્ટો, રોટરી ક્લબ, લાયન્સ ક્લબ જેવી સેવાભાવી સંસ્થાઓ આ લોકજાગૃતિની પ્રવૃતિ હાથ ધરે તો જેમ રકતદાનમાં ગુજરાતનો આખા દેશમાં ડંકો વાગે છે તેમ થઈ શકે. હજારો દર્દીઓ જે મરણોન્મુખ છે, એમને નવી જીંદગી મળી શકે તેવી તમામ માહિતીનું માર્ગદર્શન અપાયું હતુ.અત્રે ઉલ્લેખનિય છે કે, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, ભુજ, વિસનગર, સિહોર, નવસારી, ઘોઘા, ઉંઝા સહિતના શહેરોમાં કામ કરતી સ્વૈચ્છિક સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. જે ત્રિલોકભાઈ આર. પરીખ (ચેરમેન ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન)ના માર્ગદર્શન હેઠળ સંસ્થા કાર્યરત છે. આ સંસ્થાનો પ્રમખ ધ્યેય સમાજમાં લોકોને કિડની વિશે જાગૃતિ લાવવાનો, કિડનીની નિષ્ફળતાના દર્દીઓની સેવા કરવી, કિડનીના રોગો ન થાય તે અંગેની જાગૃતિ ફેલાવવી, દર્દીઓનું પુર્નઃવસન, શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં



અબતક

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અંગદાન જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

અબતક, રાજકોટ

અંગદાન જાગૃતિ અભિયાન અન્વયે પી.ડી.યુ. મેડીકલ કોલજના મિશન બ્રેઈનનાં વિદ્યાર્થીઓ અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા અંગદાન જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. સાથમાં જ પોષ્ટર/ચિત્રકળા પ્રતિયોગિતાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૩૦ થી વધૂ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકોને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યા હતાં. સાથમાં જ અંગદાન જાગૃતિ અંગેનું નાટક પણ વિદ્યાર્થીઓ દ્વારા ભજવી સમાજને અંગદાનની જાગૃતિનું મહત્વ સજાવ્યું હતું અને અંગદાન અંગેના કાર્ડ પણ ભરવામાં આવ્યાં હતાં.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડો. દર્શિતાબેન શાહ (ધારાસભ્ય-રાજકોટ) ખાસ ઉપસ્થિત રહી અંગદાન અંગનો સંકલ્પ કર્યો હતો.

અંગદાન જાગૃતિ કાર્યક્રમમાં મગજ મૃત વ્યક્તિનાં હૃદય, ફેફસાં, કિડની, લીવર, પેન્ક્રીયાસ, નાનું આતરડું જેવા અંગો, આ જ અંગોના સંપૂર્ણ નિષ્ફળ જવાથી જે દર્દીઓ મરણમુખ છે તેવાં દર્દીઓના શરીરમાં રોપવા માટે અંગોનું દાન થઈ શકે છે.

અંગદાન અંગેનો સમગ્ર કાર્યક્રમ મિતલ ખેતાણી (પ્રમુખ-એનીમલ હેલ્પલાઈન) તથા ડો. મુકેશ સામાણી (ડીન-પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ), ડો.રાધેશ્યામ ત્રિવેદી (સુપ્રિન્ટેન્ડન્ટ, પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ)ની પ્રેરણાથી યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલ(મો.૭૯૮૪૮૨૯૬૨૯) પ્રગતિ બાવરવા, પક્ષ ઠકરાર, જીત માકડીયા વિગેરેની ટીમે જહેમત ઉઠાવી હતી.

Edition
16 Aug, 2023 Page No. 9
Powered by : erelego.com

# જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમ :

## અમદાવાદ

'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા ૨૩ મી સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવારના રોજ ગુજરાત પોલીસ ટ્રેનિંગ સેન્ટર, શાહીબાગ ખાતે ગુજરાત પોલીસના કર્મચારીઓ માટે કિડની અને ડાયાબિટીસ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ખ્યાતનામ તબીબો ડો. વિવેક પટેલ (ડાયાબિટોલોજીસ્ટ) અને ડો. સુદીપ દેસાઈ (નેફ્રોલોજીસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. બંને તબીબોએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પોલીસકર્મીઓને ડાયાબિટીસ અને કિડનીના રોગો વિશે સરળ ભાષામાં માહિતગાર કરી જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત પોલીસ તાલીમ કેન્દ્રના ઈન્ચાર્જ શ્રી પી.આર.સાંઘાણી (ડી.વાય.એસ.પી.) અને સંસ્થાની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે દરેક પોલીસકર્મી માટે બીપી અને ડાયાબિટીસ તપાસ કેમ્પ પણ યોજાયો હતો. જેનો ૩૧૨ પોલીસકર્મીઓએ લાભ લીધો હતો.



પોલીસ જવાનોને માહિતગાર કરતાં ડો. વિવેક પટેલ (ડાયાબિટોલોજીસ્ટ)



પોલીસ જવાનોને માહિતગાર કરતાં ડો. સુદીપ દેસાઈ (નેફ્રોલોજીસ્ટ)

તારીખ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ સોમવારના દિવસે ગુજરાત યુનિવર્સિટી, સ્કૂલ ઓફ સાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ માટે કિડની અને ડાયાબિટીસ જાગૃતિ સેમિનારનું આયોજન થઈ ગયું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ખ્યાતનામ તબીબો ડૉ. આર. સી. દામાણી (ડાયાબિટોલોજીસ્ટ) અને ડૉ. જય પટેલ (નેફ્રોલોજીસ્ટ) અમારા આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહયા હતા. બંને સેવાભાવી તબીબશ્રીઓએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ડાયાબિટીસ અને કિડનીની બીમારી વિષે સરળ અને વિસ્તૃત માહિતી આપી હતી. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રીમતી ડો. નીરજા અરૂણ ગુપ્તા અને સ્કૂલ ઓફ સાયન્સ વિભાગના ડાયરેક્ટર ડો. મીનુ સરાફ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કિડનીના રોગો અંગે જાગૃતિ લાવવાના સંસ્થાના પ્રયાસોની પ્રસંશા કરી હતી. સેમિનારના અંતે દરેક વિદ્યાર્થી અને શિક્ષકો માટે નિઃશુલ્ક બીપી અને ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમમાં ઉપસ્થિત ડો.નીરજા ગુપ્તા,
શ્રી રશ્મિકાંતભાઈ શાહ, ડો. આર. સી. દામાણી, ડો. જય પટેલ અને ડો. મીનુ સરાફ




પોતાનું વક્તવ્ય આપતા ડો. આર. સી. દામાણી (ડાયાબિટોલોજીસ્ટ)




શ્રોતાઓને માહિતગાર કરતાં ડો. જય પટેલ (નેફ્રોલોજીસ્ટ)

## મહેસાણા

મહેસાણા ચેપ્ટર દ્વારા ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર ખાતે યુનિવર્સિટીના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડો. જયેશ મોદી (યુરોલોજિસ્ટ) સાહેબને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શ્રોતાઓને કિડની અને કિડનીના રોગો વિશે સરળ ભાષામાં માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે ડાયાબિટીસ–હાઈબ્લડપ્રેશર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે કિડની અને ડાયાબિટીસના રોગો વિષે માહિતી આપતી પુસ્તિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર

## રાજકોટ

સંસ્થા દ્વારા મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ડો.પ્રતિક અમલાણી (યુરોલોજીસ્ટ)કાર્યક્રમના મુખ્ય વક્તા રહ્યા હતા જેમણે કિડનીના રોગો વિષે જેલના કેદીઓને જાણકારી આપી હતી. શ્રી શિવમ વર્મા (IPS) અને સલાહકાર સમિતિના સભ્ય શ્રી મિતલ ખેતાણી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.




શ્રોતાઓને માહિતી આપતા ડો. પ્રતીક અમલાણી



શ્રોતાગણ

વધુ એક જાહેર જાગૃતિ કાર્યક્રમ આયુર્વેદિક કોલેજ આર. કે. યુનિવર્સિટી, રાજકોટ ખાતે 'વિશ્વ હૃદય દિવસ' નિમિત્તે તારીખ ૨૯ સપ્ટેમ્બરના દિવસે આયોજિત કરવામાં આવ્યો હતો. ડો. તુષાર ભટ્ટી (કાર્ડિયોલોજીસ્ટ) દ્વારા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને હૃદયના રોગો, હૃદય પ્રત્યારોપણ, માનવ અંગ પ્રત્યારોપણ કાયદો (HOTA) અને હૃદયને સ્વસ્થ રાખવા માટેની ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી.



આર. કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને માહિતી આપતા ડો. તુષાર ભટ્ટી

પ્રેરણા
પુનઃર્વસન કાર્યક્રમ

**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

## સુરત

તારીખ ૯ જુલાઈ ૨૦૨૩ના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સુરત ચેપ્ટર દ્વારા સુરત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ – સમૃદ્ધિ ભવન ખાતે 'પ્રેરણા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી જયલંતભાઈ નાયક અને તેમના સાથીમિત્રો દ્વારા રમૂજી ટૂચકાઓ અને વાર્તાઓ રજૂ કરીને પ્રેરણા સભ્યો અને તેમના પરિવારજનોને આનંદ કરાવ્યો હતો. સુરત સિટીઝન કાઉન્સીલ ટ્રસ્ટના અધિકારી શ્રી એસ. વી. રાણા સાહેબે કાર્યક્રમમાં પધારેલ મહેમાનો અને આમંત્રિત પ્રેરણા સભ્યોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સંસ્થાની સુરત શહેરની સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રીમતી જીજ્ઞાશા ત્રિવેદી પણ આ પ્રસંગે હાજર રહીને પ્રેરણા સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રેરણા સભ્યો માટે શ્રી આશાપુરા મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી તે બદલ અમે આશાપુરા ટ્રસ્ટના આભારી છીએ.




પ્રેરણા કાર્યક્રમ, સુરત

## રાજકોટ

સંસ્થાના રાજકોટ ચેપ્ટર દ્વારા તારીખ ૭ જુલાઈ ૨૦૨૩ ના દિવસે પ્રેરણા સભ્યો માટે એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કિડનીના રોગોની સારવાર કરતાં નિષ્ણાત તબીબ ડો. ડેનિશ સાવલિયાને (નેફ્રોલોજીસ્ટ) આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેઓએ પ્રેરણા સભ્યોને હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણની સારવાર લઈ રહેલ દર્દી મિત્રોને સારવાર દરમિયાન રોજબરોજના જીવનમાં રાખવી પડતી કાળજી અને ખોરાક વિષે અગત્યની માહિતી આપી હતી. રાજકોટ ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી મિત્તલ ખેતાણી આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




પ્રેરણા કાર્યક્રમ, રાજકોટ

Save a life
Sponsoring Renal Treatment

હિમોડાયાલિસીસ અને કિડની પ્રત્યારોપણની સારવાર લઈ રહેલા જરૂરીયાતમંદ કિડનીના દર્દીઓને 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સારવાર માટે નાણાકીય સહાય પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. આ કાર્યક્રમ સંસ્થા દ્વારા જુલાઈ ૨૦૦૨ માં શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી સંસ્થા દ્વારા હિમોડાયાલિસીસ ની સારવાર, કિડની પ્રત્યારોપણ પછીની દવાઓ તથા AV ફિસ્ટુલા સર્જરી માટે ઘણા બધા જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને સહાય કરવામાં આવી છે. આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૧૫ દર્દીઓને ડાયાલાયઝર, ટ્યુબીન અને ૫૮ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને દવાઓ માટે રૂ. ૨,૧૪,૯૮૪ ની સહાય કરવામાં આવી હતી.

આ ઉપરાંત સંસ્થા દ્વારા ૩ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને AV ફિસ્ટુલા અને આંખની સર્જરી માટે આર્થિક સહાય કરવામાં આવી હતી.

**સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા સેવ અ લાઈફ કાર્યક્રમનો લાભ લેતા દર્દી મિત્રની વાચા :**

## પંકજભાઈ દિક્ષિત



દિલ્હીમાં સોમાની ટાઈલ્સ ફેક્ટરીમાં નોકરી મળ્યા બાદ ત્રણ વર્ષ પહેલાં પંકજભાઈ ગુજરાતમાંથી દિલ્હી શિફ્ટ થયા હતા, પરંતુ વારસાગત બીપી અને ડાયાબિટીસની બીમારીને કારણે તેમની કિડની ખરાબ થઈ હતી. તેઓ જાન્યુઆરી ૨૦૨૩ માં વડોદરા પાછા ફર્યા કારણ કે તેમને હિમોડાયાલિસીસની સારવાર શરૂ કરવાની જરૂરિયાત હતી. હિમોડાયાલિસીસ સારવાર દરમિયાન તેમની આંખની દ્રષ્ટિ ઘણી ઓછી થઈ ગઈ હતી; બીજી તરફ આવક ઊભી કરવા માટે તેમની પત્નીએ એક કારખાનામાં પેકિંગ કરવાની નોકરી શરૂ કરી. પંકજ ભાઈ દૃષ્ટિહીન હોવાથી ડાયાલિસીસ સેન્ટરમાં જવા માટે તેમની ૯ વર્ષની પુત્રી પર આધાર રાખવો પડતો હતો કારણ કે જો તેઓ એકલા જાય તો દાદરા પરથી નીચે પડવાનું અથવા દિવાલ સાથે અથડાવાનું જોખમ હતું. પંકજભાઈની આંખનું ઓપરેશન કરાવવું ખૂબ જ જરૂરી હતું પરંતુ તેમની કિડની અને તે સિવાયની કેટલીક શારીરિક સમસ્યાઓને કારણે તેમનું ઓપરેશન કરવાનું જોખમ પણ એટલું જ હતું. સંસ્થાના વડોદરા ચેપ્ટરના ઓફિસર દ્વારા વિવિધ હોસ્પિટલોમાં તપાસ કર્યા બાદ આખરે વડોદરા શહેરની સેવાભાવી સંસ્થા શેઠ શ્રી વડુવાલા આંખની હોસ્પિટલના તબીબશ્રીઓ આ ઓપરેશન કરવા માટે સંમત થયા અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન તરફથી નાણાકીય સહાય કરીને પંકજભાઈની આંખનું ઓપરેશન સફળતાપૂર્વક કરાવવામાં આવ્યું. પંકજભાઈના આંખના આ ઓપરેશન માટે શ્રીમતી બિંદુબેન દેસાઈ દ્વારા રૂ. ૨૧,૦૦૦/– નું દાન પ્રાપ્ત થયું છે તે બદલ સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

## મહેશભાઈ સલાટ



હાઈબ્લડપ્રેશર અને કિડની ઈન્ફેક્શનના કારણે મહેશભાઈને અંતિમ તબક્કાની ક્રોનિક કિડની નિષ્ફળતાની બીમારી થઈ છે હવે આગળનું જીવન જીવવા માટે તેમણે હિમોડાયાલિસીસની સારવાર લેવા માટે કિડનીના નિષ્ણાત ડૉક્ટરે સલાહ આપી પરંતુ આ સારવાર શરૂ કરતાં પૂર્વ જે તે દર્દીએ AV(Artery and Vein) ફિસ્ટુલા સર્જરી કરાવવી જરૂરી હોય છે જે એક પ્રકારની શસ્ત્રક્રિયા છે જેમાં ધમની અને શીરાને સૂક્ષ્મ શસ્ત્રક્રિયા દ્વારા કાંડા ઉપર અથવા કોણીની ઉપરની નસ સાથે ત્વચાને કડક કરીને જોડવામાં આવે છે જેથી વધારે માત્રામાં લોહી શુદ્ધિકરણ માટે હિમોડાયાલિસીસ મશીનમાં જઈ શકે. મહેશભાઈની નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓ AV ફિસ્ટુલાની આ સર્જરી કરાવી શકતા ન હતા. સંસ્થાની મહેસાણા ખાતેની ઓફિસમાં તેઓએ આ સર્જરી માટે સહાય મેળવવા અરજી કરી હતી અને સંસ્થા દ્વારા આ માટે તેમને પૂરતી આર્થિક મદદ કરવામાં આવી અને તેમનું AV ફિસ્ટુલાનું ઓપરેશન સફળતા પૂર્વક થઈ ગયું જેના કારણે મહેશભાઇ નિયમિત તેમની હિમોડાયાલિસીસની સારવાર લઈશકે છે.

## જયંતીભાઈ રાવળ



મહેસાણા જીલ્લાના ફતેપુરા ગામમાં રહેતા જયંતીભાઈ રાવળને ડાયાબિટીસને કારણે ક્રોનિક કિડની રોગનું નિદાન થયું હતું તેઓ છેલ્લા એક વર્ષથી કેથેટર દ્વારા હિમોડાયાલિસીસની સારવાર લઈ રહ્યા છે. અગાઉ આપણે જાણ્યું એ પ્રમાણે AV ફિસ્ટુલા એ હિમોડાયાલિસીસ માટે ખૂબ જ જરૂરી સર્જરી છે. જયંતીભાઈની પણ આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેમણે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન પાસે આ સર્જરી માટે મદદ માંગી હતી સંસ્થા દ્વારા તેમને આ માટે બનતી મદદ કરવાની ખાતરી આપીને AV ફિસ્ટુલાની સર્જરી માટે આર્થિક મદદ કરવવામાં આવી હવે જયંતીભાઈ સમયસર પોતાની હિમોડાયાલિસીસની સારવાર લઈ શકે છે.



અબતક

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા કિડનીની સમસ્યાઓના સમાધાન નિઃશુલ્ક કાર્યક્રમ યોજાયો

શિબિરમાં દર્દીઓને ડાયાલીસીસ સમયે દર્દીઓને કઇ તકલીફોનો સામનો કરવો પડતો તેમનું માર્ગદર્શન આપ્યું



અબતક, રાજકોટ

કિડનીના દર્દીઓ માટે "ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા લોકવિજ્ઞાન કેન્દ્ર" રાજકોટનાં સહયોગથી કિડનીની સમસ્યાઓના સમાધાન નિઃશુલ્ક કાર્યક્રમ યોજાયો.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ સમગ્ર ગુજરાતનાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મહેસાણા, ભુજ, વિસનગર, શિહોર, નવસારી, ઘોઘા, ઉંઝા સહિતના શહેરોમાં કામ કરતી સ્વૈચ્છિક સ્વાસ્થ્ય લક્ષી સંસ્થા છે. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ અને ઉદ્યોગઋષી સ્વ. ચીનુભાઈ શાહ દ્વારા સ્થાપીત આ સંસ્થાનો પ્રમુખ ધ્યેય સમાજમાં લોકોને કિડની વિશે જાગૃતિ

(અનુ. આઠમા પાને)



ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા વોકેશનલ શાળા ટ્રેનરો માટે કિડની જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સામના મિરર, સંવાદદાતા

કિડની અંગે જનજાગૃતિ લાવવા માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વાર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા શાળા જિલ્લા કક્ષાએ વોકેશનલ ટ્રેનર માટે કિડની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા દરેક દરેક વોકેશનલ ટ્રેનરોને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના પ્રોગ્રામ ઓફીસર અશ્વીન ગોહેલ દ્વારા કિડની ચેકઅપ અને કિડની અંગેન જાગૃતિ તથા ડાયાબીટીશ, બ્લડ પ્રેશરનું ચેકઅપ નિઃશુલ્ક કરી આપવામ આવ્યું હતું જેનો ૬૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમ તાલીમ જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. કૈલા, જિલ્લા સેકન્ડરી કોર્ડીનેટ કિરણબેન શીલુ, જિલ્લા એ.આર. એન્ડ વી.ઈ. વિપુલાબેન નમેરા, દંતોપં



ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહની ઉજવણી કરાઇ

અમદાવાદ :ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન દ્વારા 'ડાયાબિટીસ જાગૃતિ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ ખાતેની ઓફિસે વિનામૂલ્યે બીપી અને ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ

# આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગતો

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી ત્રિલોકભાઈ આર. પરીખ, અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| શ્રી ચંદુભાઈ આઈ. પટેલ, મહેસાણા | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| શ્રી રામેન્દ્રભાઈ જે. પરીખ, અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/– |

## Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ.૧,૨૦,૦૦૦/– |
| સુરત સીટીઝન કાઉન્સિલ ટ્રસ્ટ, સુરત | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| ફ્યુઅલ ફર્નેસીસ મેન્યુફેક્ચર્સ લિમિટેડ, વડોદરા | રૂ. ૨૧,૦૦૧/– |
| શ્રીમતી બિન્દુબેન ડી. દેસાઇ, વડોદરા | રૂ. ૨૧,૦૦૦/– |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |
| શુશ્રુષા ફાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા | રૂ. ૨,૬૦૦/– |
| શ્રી પ્રકાશભાઈ જલગાંવકર, અમદાવાદ | રૂ. ૨,૧૦૦/– |

## આજીવન સભ્યપદ (રૂ. ૫,૦૦૦/–)

શ્રી શરદભાઈ શાહ, મહેસાણા

શ્રી નરોત્તમભાઇ એસ. પટેલ, મહેસાણા

શ્રીમતી જીવીબેન એન. પટેલ, મહેસાણા

શ્રી ડો. પ્રવિણભાઈ ડી. પટેલ, મહેસાણા

શ્રી સંદીપભાઈ શેઠ, મહેસાણા

શ્રી નયનેશકુમાર એમ. મકવાણા, અમદાવાદ

શ્રી સમીરભાઈ જે. દેસાઇ, મહેસાણા

## પાંચ વર્ષનું સભ્યપદ (રૂ. ૧,૦૦૦/–)

શ્રી કે. કે. ચૌધરી, મહેસાણા

શ્રી જી. એસ. બારોટ, મહેસાણા

શ્રી બી. કે. પટેલ, મહેસાણા

શ્રી ભરતભાઇ પી. ગાંધી, મહેસાણા

શ્રી ડો. બી. કે. પટેલ, મહેસાણા

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B–૨૦૪, શપથ – ૪ , કર્ણાવતી કલબની સામે, સરખેજ– ગાંધીનગર હાઇવે, અમદાવાદ– ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ / સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ / રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫ / મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬ / ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭ / ભુજ: ૮૫૧૧૧–૪૮૪૮૨૨૮ / હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

Infindia3080 | Irfindia | Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G